કહે છે. ત્યારે મુનિ શુક ને ઉપદેશ આપે છે, કે આત્મા
અનન્તીવાર આવા સમ્બન્ધ કર્યા છે.

ત્યારે શુક બોલે છે. અને બધા ખુશ થઈ
સ્થાને જાય છે. રાજા પણ શુકને રાજ્ય આપી દીક્ષા અં
કાર કરે છે. અન્તે ઘનઘાતી કર્મો ખપાવી કેવળ
પ્રાપ્ત કરે છે.

શુક રાજાના મામા ચંદ્રશેખરે દેવીની આરાધના
શુકનું રૂપ ધરી શુક રાજાનું રાજ્ય લઇ લીધું, શુક
પણ ફરતો ફરતો તેમના [પિતાશ્રી] કેવળજ્ઞાની પાસે
છે. ત્યારે છમાસ સુધી તપ કરવાના ઉપદેશથી સિદ્ધા
ઉપર ગુફામાં છમાસ સુધી તપ કરી રાજ્ય મેળવ્યું,
પછી ઘણા સમય સુધી રાજ્ય પાળી દીક્ષા લઈ કર્મોનો
કર્યો, બાહ્ય અને અભ્યન્તર શત્રુ જીતવાથી આ તીર્થ
નામ શત્રુંજય પડ્યું.

અને અષ્ટકર્મોનો નાશ કરી અનન્ત અબાધ
સુખ પ્રાપ્ત કર્યું.

શ્રી સિદ્ધાચલ ઉપરે, શુક નૃપ શુભપરિણામ,
બાહ્ય અભ્યંતર શત્રુ જીતતાં. શત્રુંજય ગિરિ નામ.

卐



ક્રોધનું ફળ ચંડ કૌશિક નાગ.

# ચંડ કૌશિક નાગ

ક્રોધ કર્યો શિષ્ય ઉપરે; અન્ય જન્મ પણ એહ.
રાજ કુમાર ને મારતાં, કૌશિક થયો છે તેહ.
વીર પ્રભુના વચનથી, બુઝયો કૌશિક નાગ.
અનસન કરી તે આતમા, જાગ્યા એના ભાગ.

આચાર્ય મહારાજ શિષ્યો સાથે વિચરે છે, ચોમાસાના દિવસ હતા. ઉપયોગ વિના ચાલવાથી આચાર્યના પગ નીચે દેડકી મરી ગઇ. શિષ્ય બોલ્યો ગુરૂદેવ દેડકીનું પ્રાયશ્ચિત કેમ કરતા નથી ?

ગુરૂ સાંભળ્યા વગર ચાલતા થયા. સાંજે પ્રતિક્રમણ વખતે પણ શિષ્યે યાદ કરાવ્યું પણ ગુરૂએ સાંભળ્યું અણ સાંભળ્યુ કરી નાખ્યું. સંથારાની વખતે શિષ્ય બોલ્યો ગુરૂદેવ તમારાથી પેલી દેડકી મરી ગઈ તેનું પ્રાયશ્ચિત નથી કર્યું.

વારંવાર શિષ્યનું બોલવું સાંભળી ગુરૂદેવ ક્રોધથી લાલ લાલ નેત્ર કરી ઓઘો લઈ મારવા દોડયા. ત્યાં તો થાંભલે માથું ભટકાણું અને મસ્તક ફુટી ગયું, મરી જ્યોતિષિમાં દેવતા થયા અને ત્યાંનું આયુષ્ય પુરૂં કરી મનુષ્ય ઉત્પન્ન થયા.

મનુષ્યભવમાં તાપસવ્રત અંગીકાર કર્યું. અને વિધ વિધ જાતની તાપસની ક્રિયાઓ કરે છે પંચાગ્નિ તાપ તપે છે. શરીરને કષ્ટ તો આપે છે પણ બધું અજ્ઞાન દશામાં;

એક વખત તે તાપસ પોતાની કુટીરમાં બેઠા હતા. ત્યાં રાજકુમાર ફળ લેવા માટે આવ્યા. તેમને જોઇ ક્રોધની ભયંકર વૃત્તિમાં કૃત કર્મના વિપાક સ્વરૂપ તે રાજકુમારની પાછળ દોડયા.

દોડતાં—દોડતાં આગળ રાજકુમાર અને પાછળ તાપસ તે વખતે તાપસ પોતાની તાપસ વૃત્તિપણું ભુલી બેઠો. હું કોણ છું? મ્હારૂ કર્તવ્ય શું છે. આ બધું વિસરી ગયો. ક્રોધ કેટલો અનર્થકારી છે. ગમે તેટલું તપ કરે પણ જ્યારે આત્મા ક્રોધથી પરિતપ્ત થાય ત્યારે તપની સફળતાને બાળી નાખે છે.

તપ કાષ્ઠ છે. ક્રોધ અગ્નિ છે. તે તાપસ કર્મવશ એ મોટા ખાડામાં પડ્યો અને ત્યાં આર્ત્તધ્યાને મર મગધની અટવીમાં ભયંકર ચંડ કૌશિક નાગ પણે ઉત્પન્ન થયો

કર્મ કરે જ્યારે આતમા, વિવેક વગરનો થાય.
ભોગવે જ્યારે કર્મને, ત્યારે ઘણો દુભાય.

કુકર્મનો વિપાક કોઈને સારો લાગતો નથી; ભો ગાળો આપે, પ્રભુને મોટા સાદે પુકારે, પણ તેમને ક બાંધતી વખતે ખ્યાલ ના આવ્યો?

ત્યાં વગડામાં વનરાજી વૃક્ષ નાના મોટા કોઇ પ જીવ ચંડકૌશિકના ભયંકર વિષથી બળીને ખાખ થ જાય. જેના વિષવડે મહારથીયો પણ ભયભ્રાન્ત થાય.

વિષમયી અટવી થઈ, પ્રાણી રહે ન કોય.
વગડો વિષધારી બન્યો, આવું ક્યારે ન હોય.

અટવી ભયંકર થઇ ગઇ. કોઇ માણસ ત્યાં ન જાય, જાય તો દૃષ્ટિ માત્રથી બળીને ખાખ થઇ જાય. ગોવાળીયાઓએ મા મુકી દીધો; મગધમાં પ્રખ્યાત નાગ ચંડકૌશિક થઇ પડ્યો

ક્ષત્રિયકુંડના પુનિત પ્રાંગણમાં ભગવાન મહાવીર પ્રભુ દીક્ષા લીધી. સંસારને શાન્તિ અહિંસાનો સન્દેશ સંભળાવ માટે. અને પોતાના ઘનઘાતિક કર્મ નષ્ટ કરવા માટે.



ઉત્તમ જન સ્વ પર રમે, અધમ પરમાં લીન.
અનેકાંતમાં આતમા; રહે સદા આધીન.

સ્વની સાથે પરનો પણ ઉપકાર કરે તે મહા માનવ વાય. આજે ભગવાન ચંડકૌશિકની અટવી તરફ ચાલ્યા, તો સામે મળ્યા અને કરૂણ સ્વરે બોલ્યા, આપ ત્યાગી સંસારમાં ભિંજાએલા પ્રાણીઓનો ઉદ્ધાર કરો છો આપ આ વાટે નહિ જતા. ત્યાં તો દ્રષ્ટિ વિષ મહાનાગ છે.

જે 'અભયદયાણુ'' હોય તેને ભય કોનો? ભય ન હોયતે તો નિડરપણે પ્રતિબોધ આપે, રાફડાની પાસે કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા છે.

મક્કમતા મનની ઘણી, ઉભા મેરુ સમાન
વિષધારીનો ભય નહિ; આપવા અંતર જ્ઞાન

આ તો 'પુરિસસિંહાણુ'' અર્થાત પુરુષોમાં સિંહ સમાન છે. સિંહને કોઈનો ભય ન હોય. બાલ્યકાળથી જ વીર હોય તે વિષધારીથી અધીર ન બને.

નાગે પહેલા સામું જોયું પણ કાંઇ અસર ન થઈ ત્યારે ફુંક મારી છતાં પણ વ્યર્થ ગઈ ત્યારે ભયંકર ક્રોધથી પગના અંગુઠામાં બચકું ભર્યું ત્યાં તો દૂધની ધારા વહેવા લાગી. તો લોહીએ પણ રાગતા રતાશ છોડી દીધી.

રાગ ગયો તુજ મન થકી, દૂધ સહોદર હોય.

પ્રભુએ મનથી તો શું પણ શરીરથી પણ રાગ છોડી 'બુજ્ઝ' 'બુજ્ઝ' આમ કહી પ્રભુ ચાલ્યા ગયા. નાગ ચાર કરે છે. કે આ માણસ તો કોઈ વિશિષ્ટ હોવા

જોઈએ.એમ વિચાર પંક્તિમાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતા
ક્રોધનું ફળ જોઈ અણુસણ કર્યું.

મોંઢું રાફડામાં અને પુંછડી રાફડા બહાર રાખી. વટેમા
દૂધ ચઢાવે, દહીં ચઢાવે, ભય શાન્ત થયો પણ ચિકા
લીધે કીડીઓએ નાગનું શરીર ચાલણી જેમ કરી ના
નાગ મરી સદ્દગતિ પામ્યો.

આતમ શુભ પરિણામમાં, સદ્દગતિ બાંધે સોય.
અશુભના પરિપાકમાં, રાત દિવસ ત્યાં રોય.

જૈન ધર્મના તત્વજ્ઞાનમાં કર્મવાદ મુખ્યવાદ છે
એના પરિણામે આત્મા ગમનાગમન કરે છે.

સુખ દુઃખ; ઉંચ નીચ; ગમનાગમન સર્વ વિ
કર્મના છે, અશુભ ક્રોધના પરિણામથી ચંડકૌશિક
જન્મ ધારણ કરવો પડ્યો.

ધુને સંતાપનાર અને જિનવાણીનો અનાદર કરનારની ગતિ



# નં. ૧ સાધુ સંતાપવાનું ફળ

અભિમાની મિથ્યામતિ, અવગુણ ભર્યો અનેક
સાધુને સંતાપતો દેવે આળ અનેક.
સાધુ જન નિંદક મહા, ભેગા થઈ બે ચાર.
કથની માંડે પરતણી, નિંદામાં તૈય્યાર.

અજ્ઞાન દશામાં માનવ ગુરૂને પણ છોડતો નથી, ગુણો ગ્રહણ કરવા દુર રહ્યા પણ આળ આપવા થઇ જાય છે.

અભિમાની અભય, નામ તો અભય પણ ઉંદરથી તેવો, પાસે પૈસો ઘણો એટલે સમાજમાં અને ગામમાં ત્યાં તો અભય શેઠ અભિમાનના શિખરે ચઢી તેમને પૂછ્યા વિના કોઇ કામ ન થાય.

શુરૂ મહારાજ પધાર્યા અને શ્રાવક શ્રાવિકાઓ હર્ષિત ગુરૂદેવ તો સરલ પરિણામી હતા એટલે તપ ત્યાગ અને …કની આરાધના શરૂ કરાવી. અભય શેઠને ખબર પડી …ેવા મહારાજ. હું નગર શેઠ, ગામનો મુખીયો અને પુછયા વિના જ ઉત્સવ ચાલુ કર્યો. જોઈશ હું પણ.

નારદકળા વડે સમાજમાં ફૂટ પાડી અને શુરૂદેવ ખોટા આળ ચઢાવી શુરૂનું અપમાન કર્યું. ધર્મમાં દેનારની દુર્દશા થાય છે, કુદરતને ત્યાં દેર છે પણ અંધેર કર્મવશ અભય શેઠને મોટી ખોટ આવી તેથી રસ્તાના …ારી થઈ ગયા. અન્તે મરણ પામી દુર્ગતિ પ્રાપ્ત કરી.